૭

ધાર્મિક અને ભાષાકીય લઘુમતીઓને પ્રમાણપત્ર આપવા બાબતમાં અપીલ અધિકારી નક્કી કરવા બાબત

**ગુજરાત સરકાર**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
**ઠરાવ ક્રમાંકઃ લઘસ/૧૦૨૦૧૧/૧૦૮૬/અ૧**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખઃ૦૫/૧૦/૨૦૨૦**

**વંચાણે લીધાઃ-**

(૧) આ વિભાગનો તા.૨૪/૦૭/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક: લઘસ/૧૦૨૦૧૧/૧૦૮૬/અ૧
(૨) આ વિભાગનો તા.૦૭/૦૫/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: લઘસ/૧૦૨૦૧૪/૯૭/અ૧
(3) આ વિભાગનો તા.૨૭/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: લઘસ/૧૦૨૦૧૧/૧૦૮૬/અ૧

**આમુખ:-**

વંચાણે લીધેલા ક્રમાંક: (૧) અને (૨) પરના ઠરાવથી ધાર્મિક લઘુમતી સમુદાયને ધાર્મિક લઘુમતી પ્રમાણપત્ર આપવા માટે (૧) મામલતદારશ્રી (૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી (3) જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા) સક્ષમ અધિકારી નક્કી કરવામાં આવેલ છે. જ્યારે ભાષાકીય લઘુમતી અંગેના પ્રમાણપત્ર આપવા માટે વંચાણે લીધેલા ક્રમાંક: (3) પરના ઠરાવથી (૧) મામલતદારશ્રી (૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી (3) જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા) /જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા) (૪) મ્યુનિસિપાલિટી વિસ્તારમાં મુખ્ય કારોબારી અધિકારીશ્રી સક્ષમ અધિકારી નક્કી કરવામાં આવેલ છે.

ધાર્મિક લઘુમતી અને ભાષાકીય લઘુમતી અંગેનાં પ્રમાણપત્રોની બાબતમાં સક્ષમ સત્તાધિકારી દ્વારા પ્રમાણપત્ર આપવા ઇન્કાર કરવામાં આવે ત્યારે અથવા ખોટાં પ્રમાણપત્ર બાબતે કયા તબક્કે અપીલ, ફરિયાદ કરવી તે અંગે કોઇ ચોક્કસ અપીલના તબક્કા અને અપીલ અધિકારી નક્કી થયેલ નહોતા. આથી આ બાબતે અપીલ સત્તાધિકારી નક્કી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

આમ, પુખ્ત વિચારણાના અંતે ધાર્મિક અને ભાષાકીય લઘુમતી અંગેના પ્રમાણપત્રોની બાબતમાં

**(અ) સક્ષમ સત્તાધિકારી દ્વારા પ્રમાણપત્ર આપવાનો ઇન્કાર કરવામાં આવે ત્યારે :**

(૧) સક્ષમ સત્તાધિકારી દ્વારા પ્રમાણપત્ર આપવાનો ઇન્કાર કરવામાં આવે ત્યારે પ્રાંત /નાયબ /મદદનીશ કલેક્ટરશ્રીને અપીલ કરી શકાશે.

(૨) પ્રાંત /નાયબ /મદદનીશ કલેક્ટરશ્રી પ્રમાણપત્ર આપવાનો ઇન્કાર કરે ત્યારે જિલ્લા કલેક્ટરશ્રીને અપીલ કરી શકાશે.

(૩) જિલ્લા કલેક્ટરશ્રીના નિર્ણય સામે રાજ્યકક્ષાની વિશ્લેષણ સમિતિને અપીલ કરી શકાશે.

**(બ) ખોટાં અપાયેલ પ્રમાણપત્રો અંગે :**

(૧) સક્ષમ સત્તાધિકારી દ્વારા ખોટું પ્રમાણપત્ર અપાયેલ હોય તો જિલ્લા કલેક્ટરશ્રીને અપીલ કરવાની રહેશે.

(૨) જિલ્લા કલેક્ટરના નિર્ણય સામે રાજ્યકક્ષાની વિશ્લેષણ સમિતિને અપીલ કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.**૨૯/૦૯/૨૦૨૦ની નોંધથી** મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.જી.ભાભોર)

**સંયુક્ત સચિવ**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાનાઃ-**

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૫) કમિશ્નરશ્રી/નિયામકશ્રી, મ્યુનિસિપાલિટી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ તાબાની કચેરીઓને પરિપત્રિત કરવા વિનંતી સહ.

(૬) સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ તરફ તાબાની કચેરીઓને પરિપત્રિત કરવા વિનંતી સહ

(૭) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ તાબાની કચેરીઓને પરિપત્રિત કરવા વિનંતી સહ.

(૮) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ

(૧૦) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૧) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૨) સિલેક્ટ ફાઇલ